C.C.NO. 2622/15

આંક–૧ લગત હુકમ.

૧. કેસનું રેકર્ડ વંચાણે લીધુ. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨. આરોપી વિરુધ્ધ સમરી/ સમન્સ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમનસ/વોરંટ ઈસ્યુ કરતા, આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં, આ કામે રેકર્ડ તપાસતાં આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે કેમ કે જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી. આ કામે સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં, કેસ ઘણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧૦/૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઈનસાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો, તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં, પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો એ.આઈ.આર.૨૦૦૨, ૧૮૫૬ નો ચુકાદો ધ્યાને લેતાં, જે તે કોર્ટ જ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમ–૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદરહું કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયીક જણાતો ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: <u>હુ ક મ</u> ::–

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ –૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તેમ છતાં, પોલીસ આરોપીની શોધ કરી, મળી આવે તો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

હુકમ આજ તારીખ :૮/૯/૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

(એમ.એ.શેખ.)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ
કોર્ટ નં.૧૫, અમદાવાદ
કોડ નં.જીજે૦૦૮૯૨